# કલમ–૪ (૧)(ખ)(૧)

## <u>સંસ્થાના કાર્યો અને ફરજોની વિગતો</u>

## સુરત મહાનગરપાલિકા જાહેર સત્તા મંડળ સાથે સંયુકત છે.

**(૧) <u>ડુમસ સી ફેસ ડેવ. પ્રોજેકટ</u> :**

સુરત શહેરના તથા દેશવિદેશના સહેલાણીઓ માટે અતિપ્રિય મનોરંજન અને આકર્ષિત તેમજ કુદરતનું એકદમ નજીકથી સાનિધ્ય અનુભવી શકાય તેવુ અતિ નયનરમ્ય ઈકો ટુરીઝમ પાર્ક તૈયાર કરી તેનો બાળકો તેમજ વયસ્કો સુધીના તમામ વયના લોકો મનોરંજનનો લાભ લઈ શકે તે હેતુસર ડુમસ દરિયા કિનારાને અધતન પર્યટન સ્થળ તરીકે ઈકો ટુરીઝમ પાર્કનું આયોજન છે. જે માટે સુરત મહાનગરપાલિકાના આ મહત્વકાંક્ષી, રમણીય, રાષ્ટ્રીય કક્ષાનો આઈકોનીક સેલ્ફ સસ્ટેનેબલ પ્રોજેકટ માટે સરકારશ્રી પાસેથી જમીન મેળવી તેની CRZ કલીયરન્સ ઝડપથી કરાવી સ્થળ પર કામગીરી શરૂ કરાવવામાં આવી.

સદર પ્રોજેકટનો ફીઝીબીલીટી રીપોર્ટ, માસ્ટર પ્લાનીંગ તથા જુદા–જુદા ડી.પી.આર. તૈયાર કરવા સહિત અને ત્યારબાદ ટ્રાન્ઝેકશન એડવાઈઝરી સર્વિસીસ સહિતની કન્સલ્ટન્ટસીનું કામ આઈ.એન.આઈ. ડિઝાઈન સ્ટુડિયો, અમદાવાદને સોંપવામાં આવેલ છે.

સદર આયોજનની મૂળભૂત રૂપ–રેખા તથા આયોજનનાં અંગોની ટુંકી વિગત નીચે મુજબ છે.

- સદર પ્રોજેકટનો આશરે અંદાજીત વિસ્તારઃ– ૧૦૨ હેકટર (૨૫૨ એકર) જમીન
  ઉપરોકત વિસ્તાર પૈકી સુરત મહાનગરપાલિકાને ઉપલબ્ધ થયેલ આશરે : ૧૨.૮૬ હેકટર જમીન
- સરકારી જગ્યા આશરે : ૬૬.૭૨ હેકટર જમીન
  પ્રોજેકટમાં આવરી લેવામાં આવનાર દરિયાની કુલ લંબાઈઃ– આશરે ૫.૩ કી.મી. (હાલમાં આશરે ૧ કિ.મી જેટલો ભાગ ડેવલોપ થશે)
- ફોરેસ્ટ વિભાગની આશરે : ૨૩ હેકટર જમીન [૧૬.૬૧ હે. (સુચિત ૧૨૦ મીટર ડી.પી./પી.પી. રોડમાં આવતો ભાગ) તથા ૧૦.૫ હે. (બાકી રહેતો ફોરેસ્ટ વિભાગનો ભાગ)
- સદર આધુનિક એમ્યુઝમેન્ટ અને ઈકો ટુરીઝમ પાર્કના આ પ્રોજેકટને ૦૪ (ચાર) ઝોનમાં વહેચવામાં આવ્યા છે.

**(૧)** ઝોન–૧ અર્બન ઝોન, **(૨)** ઝોન–૨ પબ્લીક સ્પેસ – ઈકો ઝોન, **(૩)** ઝોન–૩ ફોરેસ્ટ– ઈકો ટુરીઝમ અને વેલનેસ ફેસેલીટી અને **(૪)** ઝોન–૪ ડુમસ પોર્ટ અને જેટીસનો પુર્નવિકાસ તથા યાચ ઝોન.

ઉપરોકત અતિ નયનરમ્ય પ્રાકૃતિક થીમ પાર્ક/ ઈકો ટુરીઝમ પાર્ક ચારથી પાંચ વર્ષની તબકકાવાર પ્રકિયામાં બનાવવાનું આયોજન છે.

**(૧) ઝોન–૧ અર્બન ઝોનઃ– (સુરત મહાનગરપાલિકાને ઉપલબ્ધ થયેલ જમીન પર કરવામાં આવનાર ડેવલપમેન્ટ)**

સદર પ્રોજેકટના અલગ અલગ ઝોન પૈકી હાલ ઝોન–૧ (અર્બન ઝોન) ને કુલ ૦૨(બે) પેકેજમાં ડેવલપ કરવામાં આવનાર છે. જે પૈકી પેકેજ–૧ અને પેકેજ–૨ મળીને કુલ આશરે રૂા.૨૦૬.૭૩ કરોડના બ્લોક અંદાજને સાધારણ સભાના ઠરાવ નં. ૮૭/૨૦૨૩, તા.૧૬/૦૨/૨૦૨૩ થી મંજુર કરવામાં આવેલ છે. GCZMA ના Recommendation મુજબ સદર પ્રોજેકટના CRZ કલીયરન્સ માટે MoEF ની Expert Appraisal Committee ધ્વારા તા.૦૫/૦૧/૨૦૨૪ ના રોજ સદર પ્રોજેકટનું CRZ કલીયરન્સ મેળવવામાં આવેલ છે તથા સ્થળ પર કામગીરી જાન્યુઆરી–૨૦૨૪ માં શરૂ કરાવવામાં આવી.

સદર પ્રોજેકટ વિશિષ્ટ પ્રકારનો હોય, જેથી National Institute of Urban Affairs (NIUA) ધ્વારા સુરત મહાનગરપાલિકાને ટેકનીકલ વિગતો માટે તથા સદર પ્રોજેકટમાં Nature Based Solution નો ઉપયોગ થઈ શકે તે હેતુસર જરૂરી સુચનો તથા તેઓ ધ્વારા નાણાંકીય સહાય પુરી પાડનાર છે. જે માટે તેઓ ધ્વારા જીઓલોજીસ્ટ, હોલ્ટીકસ્કલ્ચર તથા સ્ટ્રકચર એકસ્પટર્સની સેવા માંર્ગદર્શન માટે પુરી પાડવામાં આવેલ છે. આમ સદર પ્રોજેકટ વિશિષ્ટ / જટીલ પ્રકારનો હોય, ઉપરોકત તજજ્ઞનો સહિતની સેવા લઈ પ્રોજેકટને સમયસર પૂર્ણ કરી શકાય તે માટેના પ્રયત્નો સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવી રહયા છે.

**ઝોન–૧ (અર્બન ઝોન) પેકેજ–૧ (૧૦.૩ર હેકટર વિસ્તાર):–**

- સુરત મહાનગરપાલિકાના સ્થાયી સમિતીના ઠરાવ નં. 1205/2023, Dtd.03/08/2023 ની મંજુરી.
- પ્રોજેકટ કોસ્ટ :– **રૂા. ૧૭૪.૨૨ કરોડ**
- વર્કઓર્ડર આપ્યાની તારીખ અને સમયમર્યાદા :– તા.૨૨/૧૨/૨૦૨૩ અને ૧૨(બાર) માસ (ચોમાસાની ઋતુ સિવાય)
- ઈજારદારશ્રી :– M.P. Babariya (Surat) JV with Unique Construction (Surat)
- સ્થળ પર કામગીરી પ્રગતિ હેઠળ

➢ **ઝોન–૧ (અર્બન ઝોન) પેકેજ–૨ (૨.૫૪ હેકટર વિસ્તાર):–**

- સુરત મહાનગરપાલિકાના સ્થાયી સમિતીના ઠરાવ નં. 648/2024, Dtd.07/03/2024 ની મંજુરી.
- પ્રોજેકટ કોસ્ટ :– **રૂા. ૮૩.૪૪ કરોડ**
- વર્કઓર્ડર આપ્યાની તારીખ અને સમયમર્યાદા :– તા.૧૧/૦૩/૨૦૨૪ અને ૦૯ (નવ) માસ (ચોમાસાની ઋતુ સિવાય)
- ઈજારદારશ્રી :– M.P. Babariya (Surat)
- સ્થળ પર કામગીરી પ્રગતિ હેઠળ

**(૨) ઝોન–૨ પબ્લીક સ્પેસ – ઈકો ઝોન :–** ભવિષ્યમાં થનાર કામગીરી – પ્લાનીંગની કામગીરી પ્રગતિમાં.

**(૩) ઝોન–૩ ફોરેસ્ટ– ઈકો ટુરીઝમ અને વેલનેસ ફેસેલીટી :– (ફોરેસ્ટ વિભાગની જમીન પર કરવામાં આવનાર ડેવલપમેન્ટ)**

ફોરેસ્ટ વિભાગની આશરે ૧૦.૫ હેકટર (સુચિત ૧૨૦ મી. ડી.પી રોડમાં આવતી જમીન સિવાયનું ડેવલપમેન્ટ) જમીન પર ઈકો ટુરીઝમ ડેવલપ કરવાનુ આયોજન માટે સુરત મહાનગરપાલિકા ફોરેસ્ટ વિભાગને ડી.પી.આર. ટેન્ડરો તૈયાર કરી ફોરેસ્ટ વિભાગને સુપરત કરશે અને તેનું ડેવલપમેન્ટ ફોરેસ્ટ વિભાગ ધ્વારા કરવામાં આવનાર છે. સદર ડેવલપ માટેના ટેન્ડરો ફોરેસ્ટ વિભાગને સુપ્રત કરવામાં આવેલ છે તથા તેઓ દ્વારા સદર કામના ટેન્ડરો પ્રસિધ્ધ કરનાર છે.

**(૪) ઝોન–૪ ડુમસ પોર્ટ અને જેટીસનો પુર્નવિકાસ તથા યાચ ઝોન :–** ભવિષ્યમાં થનાર કામગીરી – પ્લાનીંગની કામગીરી પ્રગતિમાં.

**<u>(૧) તાપી નદી ઉપર બહુહેતુક કન્વેનશનલ બેરેજઃ–</u>**

સુરત શહેરમાં રૂંઢ અને ભાઠા વચ્ચે બહુહેતુક કન્વેનશનલ બેરેજ બનાવવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. જેના કારણે સિંગણપોર વિયરથી સૂચિત બેરેજ સુધી આશરે ૧૦.૦૦ કિ.મી. લંબાઈમાં ૧૮.૭૩૫ મિલિયન કયુબીક મીટર સંગ્રહક્ષમતા ધરાવતાં મીઠા પાણીના સરોવરનું નિર્માણ થશે. આ પ્રકલ્પ સાકારિત થતાં ભુર્ગભ જળના સ્તર ઊંચા આવશે, દરિયાની ખારાશ ભુગર્ભ જળમાં પ્રવેશતી અટકશે અને નદી પાર કરવા માટે એક વધારાનો માર્ગ ઉપલબ્ધ થશે.

આ કામે જાહેર નિવિદા નં. C.E.SP.CELL/01/2020-21થી ટેન્ડર બહાર પાડવામાં આવેલ. જે અન્વયે કુલ – ૦૨ બીડર્સ (૧) DRN ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લી.હુબલી, કર્ણાટક તથા (૨) યુનિક કન્સ્ટ્રકશન, સુરત દ્વારા ટેન્ડર બીડ કરવામાં આવેલ.

આ કામે સ્થાયી સમિતિના ઠરાવ નં.૬૦૫/૨૦૨૨, તા.૧૯/૦૪/૨૦૨૨ થી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર યુનિક કન્સ્ટ્રકશન, સુરતને કેપીટલ કામગીરી પેટે રૂા.૮૨૫,૯૧,૪૧,૮૦૪/– થી કામગીરી સોંપવાનું ઠરાવવામાં આવેલ. જે અન્વયે પત્ર નં.C.E.SP.CELL/OUT/267, તા.૧૮/૦૫/૨૦૨૨ થી Letter of Acceptance આપવામાં આવેલ. જેના સંદર્ભમાં ઈજારદાર યુનિક કન્સ્ટ્રકશન, સુરત દ્વારા તેઓના પત્ર નં. UC/OUT/Barrage/2022-23, તા.૨૧/૦૫/૨૦૨૨ થી Acceptance આપવામાં આવેલ.

પ્રકલ્પ બેરેજનું ટેન્ડર ત્રણ ભાગોમાં વિભાજીત કરવામાં આવેલ છે. જે મુજબ પાર્ટ – A પ્રિલિમીનરી વર્ક જેનો સમયગાળો ૬(છ) મહિના (ચોમાસા સિવાય), પાર્ટ–B બેરેજનું બાંધકામ જેનો સમયગાળો ૩ વર્ષ (ચોમાસા સિવાય) તેમજ પાર્ટ – C સંચાલન અને મરામત જેનો સમયગાળો ૧૦ (દશ) વર્ષ રાખવામાં આવેલ છે.

ઈજારદાર મારફતે પાર્ટ – A પ્રિલીમનરી વર્કની કામગીરી અંતર્ગત કુલ – ૭૬ જેટલી વિવિધ સ્ટડીઓ, વિવિધ સંસ્થાઓ જેવી કે, NIO-GOA, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી, આઈ.આઈ.ટી.– મુંબઈ, સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, આઈ.એસ.આર ગાંધીનગર વિગરે જેવી નામાંકીત સંસ્થાઓ પાસેથી કરાવવામાં આવેલ છે અને તમામ ૭૬ સ્ટડીઓ ની ચકાસણીઓ સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટીયુટ ઓફ ટેકનોલોજી તેમજ સરકારી ઈજનેર કોલેજ, ભરૂચ પાસેથી કરાવવામાં આવેલ છે. બેરેજના મેથેમેડીકલ અને ફીઝીકલ મોડલની સ્ટડીઓ સેન્ટ્રલ વોટર પાવર અને રીર્ચસ ઈન્સ્ટીટયુટ (CWPRS) પુણે પાસેથી કરાવવામાં આવેલ છે અને તે તમામ પ્રકારનાં સ્ટડીઓને આધિન ભારત સરકારશ્રીMOEF પાસેથી CRZ Clearance,IWAI-Clearance, મેળવવામાં આવેલ છે તેમજ GMB- ગાંધીનગર અને GPCB - ગાંધીનગર ની પણ મંજુરીઓ મેળવવામાં આવેલ છે.

બેરેજ પ્રકલ્પ માટે મેળવવા જોગ તમામ પ્રકારની મંજુરીઓ મળી ગયેલ હોય, સુરત મહાનગરપાલિકા દ્વારા બેરેજના બાંધકામની કામગીરી ફેબ્રુ – ૨૦૨૪ માં શરૂ કરવામાં આવેલ છે. કન્વેશનલ બેરેજના ડીઝાઈન ની કામગીરી ગુજરાત સરકારશ્રીની સરદાર સરોવર નર્મદા નિગમ લી.(SSNNL) વડોદરા હસ્તક હાથ ધરવામાં આવેલ છે અને સદરહુ ડીઝાઈનની પ્રુફ ચેકીંગની કામગીરી કરવા સારૂ સુરત મહાનગરપાલિકા દ્વારા ભારત સરકારશ્રીની સેન્ટ્રલ વોટર કમિશન સાથે MOU પણ કરવામાં આવનાર છે. આગામી સમયમાં તાપી નદીના જમણાં કાંઠે સુરત શહેરના ગૌરવપથ રોડ ની સામે રોડખુલ્લો કરાવી અપ્રોચ રોડથી બેરેજના ગાઈડબંધ ની કામગીરી સ્થળ પર શરૂ કરવામાં આવનાર છે.

કન્વેશનલ બેરેજની સાથે સુરત – ડુમસ રોડ પર ફલાય ઓવર બ્રીજ બનાવવાની કામગીરી હાલમાં રાહુલ રાજ મોલ નજીક શરૂ કરવામાં આવેલ છે અને બ્રીજના ડીઝાઈનની પ્રુફ ચેકીંગની કામગીરી ડીઝાઈન સર્કલ, આર એન્ડ બી. ગાંધીનગર હસ્તક હાલ કાર્યરત હોય, તે પ્રુફ ચેકીંગ ડ્રોઈંગ મુજબ ફલાય ઓવર બ્રીજની કામગીરી ઝડપથી કરવામાં આવનાર છે.

પાર્ટ – B કન્સ્ટ્રકશન વર્કમાં બેરેજ તથા હાઈડ્રોમિકેનિકલ સીસ્ટમના ઘટકો જેવા કે, નદીના બંને કાઠાંના પાળાના બાંધકામ, રોડ વર્ક, પ્રોટેકશન વર્ક માટે ડાયાફ્રેમ વોલ અને રિટેઈનિંગ વોલ, કંટ્રોલરૂમ બિલ્ડીંગ, ઈન્સ્ટુમેન્ટેશન અને ઈલેકટ્રીકલ વર્ક, તાપી નદીના બંને કાંઠાને જોડતો ફલાયઓવર બ્રિજવિગેરેની કામગીરીનો સમાવેશ કરવામાં આવેલ છે.

પાર્ટ – C સંચાલન અને મરામતની કામગીરીમાં બેરેજ અને તેના હાઈડ્રોમિકેનીકલ સિસ્ટમ, રોડ, તાપી નદીના બંને કાંઠાને જોડતો ફલાય ઓવર બ્રિજવિગેરેનું ૧૦ વર્ષ સુધી સંચાલન અને મરામતની કામગીરીનો સમાવેશ કરવામાં આવેલ છે.

આગામી સમયમાં શહેર સુરતની વસ્તીના પાણીની માંગને પહોંચી વળવા સારૂ સુચિતકન્વેશનલ બેરેજના બાંધકામની કામગીરીને વેગ આપવામાં આવશે અને સુરત મહાનગરપાલિકા દ્વારા સદર કામગીરી ઝડપથી પુર્ણ કરવા કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(૨) Construction of flood protection work in Tapi River on Engineering, Procurement and Construction (EPC) Basis :-

સુરત શહેરની વધતી જતી વસ્તીની પાણી જરૂરીયાતને પહોંચી વળવા તથા આસપાસના વિસ્તારોના ભૂર્ગળ જળના સ્તર ઊંચા લાવવા તથા તેની ગુણવત્તામાં સુધારો કરવાના હેતુસર તાપી નદીમાં રૂંઢ– ભાઠા પાસે સ્થાયી સમિતિ ઠરાવ નં. ૬૦૫/૨૦૨૨ તા. ૧૯/૦૪/૨૦૨૨ ને આધિન ઈજારદાર યુનિક કન્સ્ટ્રકશન, સુરતને કામગીરી સોંપવામાં આવેલ છે. તા. ૨૨/૦૨/૨૦૨૪ ના રોજ બેરેજ ના કામગીરી નો ખાતમુર્હત કરવામાં આવેલ છે અને સ્થળ પર કામગીરી શરૂ કરવામાં આવેલ છે.

સદર કામગીરી માટે Cofferdam ની કામગીરી કરવા માટે તાપી નદી ના હયાત વહેણ ને અંદાજે ૫૦% થી ૭૦% બ્લોક કરી તેને શિફ્ટ કરવાની રહે છે, જેના કારણે તાપી નદી ના વહેંણ માં અવરોધ ઉપસ્થિત થવાના કારણોસર નદીમાં ચોમાસા ની ઋતુ દરમ્યાન પાણી છોડવામાં આવે તો પણ શહેરના નીચાણવાળા અડાજણ – પાલ ભાઠા સુધીના વિસ્તારનાસુરક્ષાના ભાગરૂપે પૂર – સંરક્ષણ અર્થે હયાત વિયર કમ કોઝવેના હેઠવાસનાં સુચિતકન્વેનશનલ બેરેજના સુધીના વિસ્તારમાં **<u>હયાત ફ્લડ કંટ્રોલ સ્ટ્રકચરને સ્ટ્રેથનીંગ કરવા / નવા ફ્લડ કંટ્રોલ સ્ટ્રકચર</u>** અગ્રીમતાના નાં ધોરણે હાથ ધરાવાની રહે છે.

હયાત વિયર – કમ કોઝવે થી સુચિતકન્વેનશનલ બેરેજ સુધીના આશરે ૧૦.૦૦ કિ.મી. સુધીના વિસ્તારમાં તાપી નદીના બંને ડાબા તેમજ જમણા કાંઠા ઉપર ફલડ કંટ્રોલ ના કામ અન્વયે હયાત ફલડ કંટ્રોલ સ્ટ્રકચર ને સ્ટ્રેન્થનીંગ કરવા / નવા ફલડ કંટ્રોલ સ્ટ્રકચર બનાવવાના કામે તથા કેબલ બ્રીજ થી પાલ ઉમરા બ્રીજ સુધીના ભાગ ની જગ્યા પર આવેલ સ્ટ્રોમ ડ્રેઈનના આઉટલેટ ને ડાઈવર્ટ કરવા ઈન્ટરસેપ્ટરની કામગીરી અંગે, સરકારી શૈક્ષણીક સંસ્થાSardar Vallabhbhai National Institute of Technologyદ્વારારજુ કરવામાં આવેલ હયાત ફલડ કંટ્રોલ સ્ટ્રકચર ને સ્ટ્રેન્થનીંગ કરવા / નવા ફલડ કંટ્રોલ સ્ટ્રકચર બનાવવાના કામે તૈયાર કરવામાં આવેલ કુલ રૂા. ૩૯૧,૨૮,૧૬,૩૧૨.૪૧ ના નેટ અંદાજ તેમજ રૂા. ૪૧૯,૦૬,૨૬,૨૭૧.૨૨ ના ગ્રોસ અંદાજો અને કન્સલટન્ટ ગ્રીન ડિઝાઈન એન્ડ એન્જીનીયરીંગ સર્વિસીસ પ્રા.લી. દ્વારારજુ કરવામાં આવેલ તાપી નદીના જમણાં કાંઠે કેબલ સ્ટે બ્રીજ થી પાલ ઉમરા બ્રીજ સુધી ઈન્ટરસેપ્ટરની કામગીરી કરવા માટે રૂા. ૪૯,૪૯,૩૩,૫૦૦.૦૦ નેટ અંદાજ તેમજ રૂા. ૫૩,૦૦,૭૩,૮૦૦.૦૦ ના ગ્રોસ અંદાજો ને સાધારણ સભાના ઠરાવ નં. ૬૧/૨૦૨૪, તા.૨૦/૦૨/૨૦૨૪ થી મંજુરી મળેલ છે.

સદર કામગીરીમાં મેળવવાની રહેતી જરૂરી મંજુરીઓ જેમ કે, CRZ Clearance, GPCB ની મંજુરી,ગુજરાતમેરીટાઈમ બોર્ડની મંજુરી,તથા અન્ય સંસ્થાઓ પાસેથી મેળવવાની રહેતી મંજુરીઓ / પરવાનગીઓ / NOC મેળવી કામગીરી કરવાની રહે છે, તે ઉપરાંત સદર કામગીરી માટે જગ્યાની ઉપલબ્ધતા / સ્થળ પરિસ્થિતિને અનુરૂપ હયાત ફલડ કંટ્રોલ સ્ટ્રકચર ને સ્ટ્રેન્થનીંગ કરવા / નવા ફલડ કંટ્રોલ સ્ટ્રકચર બનાવવાની કામગીરી કરવાની રહે છે. આમ, હાલમાં વિગતવાર ડિઝાઈન અને ડ્રોઈંગને આખરી ઓપ આપી શકાય તેમ નથી અને ટેન્ડરરના કાર્યક્ષેત્રમાં ડિઝાઈનીંગ અને ડ્રોઈંગ કરાવી સરકાર માન્ય સંસ્થા પાસેથી પ્રુફ ચેકીંગ કરાવી અને વિવિધ વૈધાનિક મંજુરી મેળવવાના ભાગનો સમાવેશ કરવો તે સુરત મહાનગરપાલિકાના હિતમાં જણાતું હોય, સુરત મહાનગરપાલિકાના આર્થિક/સામાજીક/કાયદાકીયહિતને ધ્યાને રાખી સદર કામગીરી માટે Engineering Procurement and Construction (EPC) ને માધ્યમથી ટેન્ડર મંગાવવામાં આવેલ.

સદર ટેન્ડર માં પ્રિલીમનરી સ્ટડી અંતર્ગત Topographical Survey, Geotechnical Data Survey, Environment Impact Assessment, Social Impact Assessment, Seismic / Geophysical analysis, Arial Mapping Mathematical Model Study, વિગેરે જેવી સ્ટડીઓ કરાવી સદર કામગીરી માટે મેળવવાની રહેતી જરૂરી મંજુરીઓ જેમ કે,CRZ Clearance, GPCB ની મંજુરી,ગુજરાતમેરીટાઈમ બોર્ડની મંજુરી,તથા અન્ય સંસ્થાઓ પાસેથી મેળવવાની રહેતી મંજુરીઓ / પરવાનગીઓ / NOC મંજુરીઓ મેળવી ડિઝાઈન અને પ્રુફ ચેકીંગની કામગીરી કરવાની રહે છે તેમજ તે મુજબ સિવિલ વર્ક ની કામગીરી કરવાની રહે છે.

હયાત વિયર – કમ કોઝવે થી સુચિતકન્વેશનલ બેરેજ સુધીના આશરે ૧૦.૦૦ કી.મી. સુધીના વિસ્તારમાં તાપી નદીના કાંઠે ફ્લ્ડ કંટ્રોલ સ્ટ્રકચર બનાવવાના કામે સ્થાયી સમિતિ ઠરાવ નં.૭૨૪ / ૨૦૨૪ તા.૧૨/૦૩/૨૦૨૪ ને આધિન ઈજારદાર યુનિક કન્સ્ટ્રકશનને કામગીરી સોંપવા ઠરાવવામાં આવેલ છે, જે અન્વયે અત્રેના વિભાગદ્વારા પત્ર નં. WRRC/OUT NO./235 તા.૧૩/૦૩/૨૦૨૪ થી LOA/WORK ORDER આપવામાં આવેલ છે, અને તેના અંનુસંધાને તા.૧૪/૦૩/૨૦૨૪ ના પત્ર નં. UC/OUT/FPW/2023-24/08 થી ઈજારદાર દ્વારાLOA/WORK ORDER સ્વીકારવામાં આવેલ તથા પત્ર નં. UC/OUT/FPW/2023-24/09 તા.૧૫/૦૩/૨૦૨૪ થી ઈજારદાર દ્વારા સ્થળ પર સર્વેની કામગીરી શરૂ કરવામાં આવેલ છે.